# પરિપત્ર

પત્રકમાંક:મઉમશબ/જે/ 29601
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, (પરીક્ષા વિભાગ),
વડોદરા
તા:-૧૫/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક શાળાઓ
ગુજરાત રાજય

<u>વિષય:</u>- રીપીટર વિધાર્થીઓના અભ્યાસક્રમ અંગેનો તા:-૧૬/૭/૨૦૧૮નો પરિપત્ર રદ કરવા બાબત.

મહાશય,

માર્ચ-2019માં લેવાનાર ધોરણ:-10ની પરીક્ષામાં તમામ પુનરાવર્તિત ઉમેદવારોએ જે વિષયમાં અભ્યાસક્રમ 2018ની પરીક્ષાથી બદલાયેલ હતો , તે વિષયોમાં નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા લેવાશે. તેવો પરિપત્ર તા:-૧૬/૭/૨૦૧૮નાં રોજ કરવામાં આવેલ જે બોર્ડના સામયિક " શિક્ષણ પરિક્ષણ " ના જુલાઇ 2018ના અંકમાં પ્રસિધ્ધ થયેલ. બોર્ડને મળેલ રજૂઆતના અનુસંધાને ઉકત પરિપત્ર રદ કરવામાં આવે છે અને માર્ચ 2019ની પરીક્ષામાં પુનરાવર્તિત ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરનાર 2018 અગાઉના ઉમેદવારોએ વિષયક્રમાંક (1) ગુજરાતી પ્રથમ ભાષા (01) , (2) હિન્દી પ્રથમ ભાષા (02) , (3) મરાઠી પ્રથમ ભાષા (03) , (4) અંગ્રેજી પ્રથમ ભાષા (04) , (5) ઉર્દૂ પ્રથમ ભાષા (05) , (6) સિંધી પ્રથમ ભાષા (06) , (7) સામાજીક વિજ્ઞાન (10) , (8) ગુજરાતી દ્વિતીય ભાષા (13) , (9) હિન્દી દ્વિતીય ભાષા (14) , (10) અંગ્રેજી દ્વિતીય ભાષા (16) માં જૂના અભ્યાસક્રમ મુજબ (જે 2007 થી 2017 સુધી અમલમાં હતો) પરીક્ષા આપવાની રહે છે તથા જે ઉમેદવારોએ માર્ચ-2018માં નિયમિત ઉમેદવાર તરીકે પ્રથમવાર પરીક્ષા આપી હોય અને માર્ચ 2018 તથા જુલાઇ 2018માં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ઉમેદવારોએ નવા અભ્યાસક્રમ મુજબ (માર્ચ 2018ની પરીક્ષાથી અમલમાં આવેલ હતો તે) પરીક્ષા આપવાની રહે છે.

આચાર્યશ્રીઓએ આ બાબતની નોંધ લઇ પુનરાવર્તિત ઉમેદવારોના ધ્યાન પર લાવવા વિનંતી છે. જેથી ઉમેદવાર તે મુજબની તૈયારી કરી માર્ચ 2019ની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
બોર્ડ, (પરીક્ષા વિભાગ) ,
વડોદરા

<u>નકલ રવાના:</u>-જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ)

નોંધ:- આગામી માસના શિક્ષણ પરિક્ષણ અંકમાં સદર પરિપત્ર છપાવવા વિનંતી છે તેમજ બોર્ડની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવો